અપીલ અરજી નં.૧૫૫ તા.૫–૮–૧૦/૧૧

અરજદારઃ– શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી

સામાવાળાઃ–શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :–** આરટીઆઈ એકટ હેઠળ શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૨૮–૧–૧૦ની અરજીથી (૧) ન.પ્રા.શિ.સ. સુરત. જાવક નં. ૨૭૬૧૭ તા.૧૫–૧૨–૨૦૦૦ વિકસતી જાતિ રસીદ ની નકલ (૨) ન.પ્રા.શિ.સ. સુરત. જાવક નં. ૨૮૩૩૯ તા.૧–૧–૨૦૦૧ શિ.વૃતિ ચેક પરત કરવા અંગેની નકલ વિ. મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબત.

**સંદર્ભ :–** અરજદાર મજકુરની તા.૫–૮–૧૦ ની **SMC/FAP/** નં.૧૫૫/૨૦૧૦–૧૧

શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજીની તા.૨૮–૧–૧૦ની અરજીથી (૧) ન.પ્રા.શિ.સ. સુરત. જાવક નં. ૨૭૬૧૭ તા.૧૫–૧૨–૨૦૦૦ વિકસતી જાતિ રસીદ ની નકલ (૨) ન.પ્રા.શિ.સ. સુરત. જાવક નં. ૨૮૩૩૯ તા.૧–૧–૨૦૦૧ શિ.વૃતિ ચેક પરત કરવા અંગેની નકલ વિ. મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી આપવા બાબતે નિયત સમયઅવધિમાં પ્રત્યુત્તર પાઠવેલ ન હોવાનું જણાવી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૫–૮–૧૦ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૫૯૬ તા.૧૨–૮–૧૦ થી શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.) તથા અરજદારનેઅપીલ અરજીં આશરે ૧૩૦ દિવસના વિલંબથી અપીલ અરજી કરેલ જે અંગે કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણુ રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી અત્રેના વિભાગને કોઈ પૂરક વિગતો મળેલ નથી. જયારે અરજદાર તરફથી તા.૧૭–૮–૧૦ ના પત્રથી માહિતી આયોગને કરેલી રજૂઆત અંગેના પત્રની નકલ મળેલ છે.

અરજદારની તા.૨૮–૧–૧૦ ની અરજીથી મુદ્દા નં.૧ થી ૧૧ ની માહિતી માંગતી અરજી જાહેર માહિતી અધિકારી સુરત મહાનગરપાલિકાને આઈ ડી નં.૫૭૩ તા.૨૮–૧–૧૦ ના રોજ ઉધનાઝોન ખાતે અરજી કરવામાં આવેલ. મુદ્દા નં.(૧) ન.પ્રા.શિ.સ.સુરત જાવક નં.૨૭૬૧૭/૧૫–૧૨–૨૦૦૦ વિકસતિ જાતિ રસીદની નકલ. મુદ્દા નં.(૨) ન.પ્રા. શિ. સ.સુરત જાવક નં.૨૮૩૩૯/૧–૧–૦૧ શિ.વૃતિ ચેક પરત કરવા અંગેની નકલ મુદ્દા નં.(૩) ન.પ્રા.શિ.સ.સુરત જાવક નં.૫૭૦૮૨૩/૨૮–૧૧–૨૦૦૦ રૂા.૧,૨૦૫,૮૦૦ તથા ૧૬૩૭૮૦૦/– બે ચેકની માહિતીની ઝેરોક્ષ કોપી. મુદ્દા નં.(૪) ન.પ્રા.શિ.સ.સુરત જાવક નં.૪૦૧૩ નિરવ મહિલા ટ્રસ્ટ કોમ્પ્યુટરનું માહિતી પત્ર. મુદ્દા નં.(૫) ન.પ્રા.શિ.સ.સુરત જાવક નં.૪૭૯૯/ ૧૪–૮–૦૧ ૧૯૯૯–૨૦૦૦ ના ગણવેશની પહોંચ. મુદ્દા નં.(૬) ન.પ્રા.શિ.સ. સુરત જાવક નં. ૪૮૧૮/ ૧૪–૮–૦૧ પીપલોદ શારદાયતન શાળામાં રૂા.૫૦ લાખ ના રોકાણની માહિતી તથા પત્રની નકલ. મુદ્દા નં.૭ મ્યુ. કમિ.શ્રીને શાસનાધિકારી સી બી. પટેલની તા.૨૦–૧૧–૦૨ જા. નં.૫૭૦૧ મોકલેલા ૧૫ દિવસની માંદગીના રજાના રીપોર્ટની નકલ. મુદ્દા નં.(૮) મ્યુ. કમિ.શ્રીને આ સાથે જોડેલા જા નં.૫૫૯૭/૫૬૦૦ તા.૧૧–૧૧–૦૨ ના તા.૭–૧૧–૦૨ થી પંદર દિવસની રજાનો મોકલેલા પત્રની નકલ તથા તે અંગે ચાર્જ સાંભળ્યા સંબંધી પરત પત્ર લખ્યો હોય તેની નકલ (કમિશ્નર કચેરી ધ્વારા માહિતી) મુદ્દા નં.૯ ન.પ્રા.શિ.સ. આવક નં.૧૮૮૪ તા.૨૦–૧૧–૦૨ ની સી બી. પટેલ શાસનાધિકારીના આવેલા પંદર દિવસની રજાના રીપોર્ટની નકલ. મુદ્દા નં.૧૦ જિલ્લા શિક્ષણાધિકારી સુરતનો ટ્રીબ્યુનલની તારીખ આપવા બાબતેનો આવક નં.૨૪૧૬ તા.૧૩–૨–૦૩ ના પત્રની નકલ. મુદ્દા નં.૧૧ આ સાથે જોડેલી પાવતી પત્રક નં.૨૪૪૪ તા.૩૧–૩–૦૩ ના નાણા જે શાળામાં વહેંચ્યા હોય તેની તમામ કોપી–ઝેરોક્ષની માંગણી કરતી અરજી સેન્ટ્રલઝોન ખાતે કરવામાં આવેલ. જે અંગે અરજદારે ન.પ્રા.શિ.સ.ના જાવક રજીસ્ટર મુજબ માંગેલી માહિતી ગણવેશ, શાસનાધિકારી રજા બાબત, ટ્રીબ્યુનલ બાબતની માહિતી મળેલ નથી તેવું જણાવી ૧૩૦ દિવસના વિલંબથી તા.૫–૮–૧૦ ના રોજ અપીલ અરજી કરેલ છે. જે બાબતે અરજદારને અત્રેથી આરટીઆઈ સેલ/૫૯૬ તા.૧૨–૮–૧૦ થી અપીલના વિલંબ અંગે કલમ–૧૯(૧) હેઠળ વાજબીપણું રજૂ કરવા પત્ર પાઠવવામાં આવેલ. જે બાબતે અરજદારે તા.૧૭–૮–૧૦ ના રોજ માહિતી આયોગને પાઠવેલ ફરીયાદપત્રની નકલ અત્રે મોકલેલ જેમાં આરટીઆઈ એકટ વિરુધ્ધ વાંધાઓ કાઢી અપીલ અરજી દફતરે કરવના પ્રયત્નો થઈ રહયા છે તેવા આક્ષેપ કરવામાં આવેલ છે. પરંતુ વિલંબ અંગે કોઈ વાજબીપણું રજૂ કરેલ નથી. વધુમાં અરજદારે માહિતી માંગ્યા પછી માહિતી અધિકારી પાસે માહિતી માંગવા છતાં માહિતી ન આપતા અને અંશતઃ કે અધૂરી માહિતી આપ્યા પછી બીજી માહિતી ન આપતા અપીલ કરવામાં આવેલ છે. જયારે માહિતી આપવામાં જ વિલંબ થતો હોય કે માહિતી અધૂરી આપ્યા પછી માહિતી અધિકારી ધ્વારા બહાના બતાવવામાં આવતા હોય ત્યારે અપીલ કરવામાં મુદતનો બાધ આવી શકે ખરો? અપીલ અરજીમાં માહિતી મળી જ નથી એમ સ્પષ્ટ કરવા છતાં સુરત મહાનગરપાલિકા આરટીઆઈ સેલ ધ્વારા કલમ–૧૯(૧) હેઠળ વિલંબ અપીલ અરજીનું કારણ જણાવવામાં આવે છે. તેવી રજૂઆત કરવામાં આવેલ છે. જે બાબતે અત્રેથી પત્ર નં.આરટીઆઈ સેલ/૬૨૩ તા.૨૬–૮–૧૦ થી અલગ પત્ર પાઠવીને કલમ–૧૯(૧) અને નિયમ–૬ મુજબની જોગવાઈઓ જણાવવામાં આવી છે. કાયદાની કલમ–૧૯(૧) હેઠળ દિન–૩૦ ની અવધિ બાદની પ્રથમ અપીલના કિસ્સામાં અરજદારના પૂરતા કારણ

હેઠળ સમય મર્યાદામાં અપીલ કરી શકયા નથી. તેવી સંતોષકારક ખાત્રી પ્રથમ અપીલ અધિકારીને કરાવવાનું ઉત્તરદાયિત્વ અરજદાર પર નિર્ભર રહે છે અને તે ધ્યાને રાખી વિલંબિત અપીલ ગ્રાહય રાખવા યોગ્ય તે નિર્ણય લેવાનું પ્રથમ અપીલ અધિકારીની વિવેક બુધ્ધિને આધિન રહે છે. આ કાયદાકીય જોગવાઈના સંદર્ભે જ અરજદાર પાસેથી જ વિગતો માંગેલ છે. તેમ છતાં અરજદાર તરફથી અપીલ સાથે કે અપીલ તબકકે કોઈ વિગતો અત્રે મળેલ નથી. આરટીઆઈ કાયદાની જોગવાઈઓ મુજબ વિલંબિત અપીલ અરજી વાજબીપણાની અનુપસ્થિતિમાં પ્રથમદર્શીય રીતે ગ્રાહય રાખવાને પાત્ર ઠરતી નથી તેમ છતાં કાયદાનું હાર્દ અને ભાવનાને ધ્યાનમાં રાખી અપીલ અરજી ગ્રાહય રાખવામાં આવે છે. જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને માંગવામાં આવેલી માહિતી પૂરી પાડેલ હોય તેવી કોઈ વિગતો અપીલ તબકકે રજૂ થયેલ નથી.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારે તા.૨૮–૧–૧૦ ની અરજીથી માંગેલ માહિતી જાહેર માહિતી અધિકારી તરફથી અરજદારને પૂરી પાડેલ જણાતી ન હોઈ અરજદારની વિલંબિત અપીલ અરજી ધ્યાને રાખી આરટીઆઈ એકટની કલમ–૭(૩) અને નિયમ–પ હેઠળ નિયત દસ્તાવેજ ફી વસુલ લઈ અરજદારને મુળ અરજીથી માંગેલ માહિતી અત્રેની જાણ હેઠળ દિન–૭ માં પૂરી પાડવા કાર્યવાહી હાથ ધરવા શાસનાધિકારી અને જાહેર માહિતી અધિકારી (ન.પ્રા.શિ.સ.)ને જણાવવામાં આવે છે.

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૯–૧૦

ડે.કમિશ્નર (સ્પે.)
અને એપેલેટ ઓફિસર
સુરત મહાનગર પાલિકા

પ્રતિ,
(૧) એડી.સીટી ઈજનેર અને જાહેર માહિતી અધકારી(ઉધનાઝોન) .. ..જાણ તથા અમલ માટે
(૨) શ્રી ચૌહાણ નગીનભાઈ પરાગજી